# મનીષ વી. સોજીત્રા

(ટેક્ષેશન & ઈન્ડસ્ટ્રીયલ કન્સલટન્ટ)

**રાજકોટ:**
૬૦૪—૬૦૫, સ્ટાર પ્લાઝા,
ફુલછાબ ચોક,
ફોનં. ૩૨૯૧૬૭૮.

**ગોંડલ:**
૯—મરીયમબાગ, ૧લો માળ,
મોંઘીબા ગર્લ્સ સ્કૂલ સામે,
ફોનં. ૨૩૦૬૭૮, ૨૨૦૬૭૮.




શ્રીમાન,

જયભારત સાથ જણાવવાનું કે વેટનો કાયદો અમલમાં આવી ગયેલ છે. અને આ બાબતે નીચે મુજબની વિગતો તાત્કાલીક ધ્યાને લેવા વિનંતી.

➔ વેટના કાયદામાં માસીક તથા ત્રિમાસીક વેરો તથા પત્રકો રજૂ કરવાના છે. માસીક વેરો ભરવાની જવાબદારી નીચે મુજબના વેપારીઓને આવે છે.

- જો ઉત્પાદક હોય તો
- જો ગુજરાત રાજય બહારથી માલ ખરીદતા હોય અથવા વહેંચતા હોય તો
- જો હાઈસ્પીડ ડિઝલ જેવા મોટર સ્પીરીટનો વેપાર કરતા હોય તો
- જો વર્ષ: ૨૦૦૫—૨૦૦૬ દરમ્યાન રૂા. ૬૦,૦૦૦/— કરતા વધુ વેરો ભરેલ હોય તો
- જો રાજય બહાર પોતાની બ્રાન્ચને અથવા જાંગડ માલ રવાના કરતા હોય તો

આમ, ઉકત કોઈપણ શરત પરિપૂર્ણ કરતા હો તો તમારે એપ્રિલ—૨૦૦૬ થી માસિક વેરો ભરવાની જવાબદારી આવશે. અન્યથા ત્રિમાસીક વેરો ભરવાની જવાબદારી આવશે.

➔ જો આપ ઉકત શરતો અનુસાર માસીક પત્રક—વેરો ભરવાને જવાબદાર થતા હો તો એપ્રિલ—૨૦૦૬ નો વેરો ભરવાની છેલ્લી તા. ૨૨/૦૫/૨૦૦૬ છે. જે અચૂક ભરી આપવો.

વેરાની ગણતરી માટે એપ્રિલ—૨૦૦૬ દરમ્યાન ઉઘરાવેલ વેટ તથા કેન્દ્રીય વેચાણવેરો (સી.એસ.ટી.)ની કુલ રકમ સામે રાજયના વેપારી ધ્વારા ટેકસ ઈન્વોઈસમાં ઉધારવામાં આવેલ વેટ બાદ કરવી. તથા તા. ૩૧/૦૩/૨૦૦૬ ના રોજ સ્ટોકમાં રહેલ માલની વેરાની ક્રેડીટનો છઠો (૧/૬) ભાગ પણ બાદ કરવો.

➔ વેટના કાયદામાં વેરાના ચલણ તા. ૨૨/૦૫/૨૦૦૬ સુધીમાં ભરવા અને તેની સાથે પત્રક રજૂ કરવાની છેલ્લી તા. ૩૦/૦૫/૨૦૦૬ છે. આ પત્રકમાં ફોર્મ નં. ૨૦૧A ના નમુનામાં તમારા ધ્વારા બનાવવામાં આવેલ ટેકસ ઈન્વોઈસનું લીસ્ટ અને ફોર્મ નં. ૨૦૧B ના નમુનામાં તમોને મળેલ ટેકસ ઈન્વોઈસનું લીસ્ટ પણ આપવાનું છે. જેમાં આપની પેઢીના અધિકૃત વ્યકિત કે જેઓની સહીના નમુના હાલ નમુના ૧૦૧ ગ મુજબ વેટ કચેરીએ રજૂ કરેલ છે તેઓએ જ સહી કરવી. ઉકત બન્ને નમુનામાં રીટેઈલ ઈન્વોઈસનું લીસ્ટ આપવાનું નથી.

➔ આ સાથે ઉકત ૨૦૧A તથા ૨૦૧B ના નમુના સામેલ છે. તેમજ વેટની ગણતરી માટેનો સરળ નમુનો આપેલ છે. તેમજ એક કોરો નમુનો આપેલ છે. તેમાં તમારી વિગત ભરી ચલણ સાથે અમારી ઓફીસે તા. ૨૫/૦૫/૨૦૦૬ પહેલાં આપવું.

➔ વેટના કાયદામાં અમુક નમુનાનાં ફોર્મ વેટ કચેરીમાં જમા કરવાના છે જે તમો અમારી ઓફીસેથી લઈ ગયા છો જે પરત કરેલ ન હોય તો તાત્કાલીક અમોની ઓફીસે મોકલી આપવા. તેમજ આ સાથે ધંધાને લગતી વધારાની માહિતીનું ફોર્મ નં. ૧૦૧ચ(101E) આપને મોકલવામાં આવે છે જેમાં વિગતો ભરી, અધિકૃત વ્યકિતના સહી—સિક્કા કરી ઝેરોક્ષ સહીત પરત મોકલવું.

➔ તાજેતરમાં આવેલ સુધારા અનુસાર ટેકસ ઈન્વોઈસની હવેથી ઓરીઝનલ નકલ(ફકત એક જ) ખરીદનાર વેપારીને આપવાની રહેશે. પરંતુ એકથી વધારે નકલ આપવામાં કાયદાનો કોઈ બાધ નથી.

➔ આપના તાઃ ૦૧/૦૪/૨૦૦૫ થી તાઃ૩૧/૦૩/૨૦૦૬ સુધીની મુદતના વાર્ષિક આંકડા સેલ્સ ટેક્ષમાં રજુ કરવાની છેલ્લી તાઃ ૩૦/૦૫/૦૬ છે,તો આપ આપની પેઢીના ઉપરોકત મુદતના વાર્ષિક આંકડા તાત્કાલિક અમોની ઓફિસે મોકલી આપશો.

➔ આપના વર્ષ૨૦૦૧/૨૦૦૨ થી ૨૦૦૪/૨૦૦૫, માટે સરળ આકારણી યોજના હેઠળ અકારણી કરાવવા અમોની ઓફિસે રૂબરૂ સંપર્ક કરવો.

ઉપરોકત બાબત ધ્યાને લઈ તાત્કાલીક અમારો સંપર્ક કરવો.

આપનો વિશ્વાસુ,

(મનીષ વી. સોજીત્રા)

બીડાણઃ—

(૧) ૨૦૧A તથા ૨૦૧B
(૨) વેટની ગણતરીનો નમુનો
(૩) નમુનો ૧૦૧ચ